श्रीहरि।

गीतातात्पर्य.

અનુવાદ કર્તા

પં. રમાનાથ શર્મા.

સવત ૧૯૬૯

पत्ता--"श्रीबालकृष्णपुस्तकालय, बडामन्दिर, मूलेश्वर, बंबई" इति।

Published by Pandit Ramanath Sharma,
Bada Mandir Bhuleshwar Bombay

Printed by R. Y. Shedge, at the Nirnaya-Sagar
Press, 23 Kolbhat Lane Bombay

શ્રીમદ્ભગવદ્ગીતાશાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ શુ છે.

અખિલ જગત્પતિ ચરાચર સકલલોકના કર્તા શ્રીકૃષ્ણ-પરમાત્માએ નિજરમણના માટે નિર્માણ કરેલ આ વિશાલ જગત્માં અનાદિકાલથી તેની ઇચ્છાથીજ દૈવિ અને આસુરિ-સપત્તિ આજ સુધી ચાલી આવે છે શ્રીકૃષ્ણથી વિમુખ થવુ અને શ્રીહરિના સન્મુખ થવું તે બન્ને સપત્તિનુ ટુકમા લક્ષણ છે. આસુર સપત્તિવાલાઓને શ્રીહરિનો ઉત્કર્ષ સહ્ય થતો નથી એ વાત ઇતિહાસથી સ્પષ્ટ થાય છે કેટલાક ચાર્વાકાદિ તો ઈશ્વિરને માનવામા પણ પોતાનો અપકર્ષ માનતા હતા તે દેહનેજ આત્મા અથવા તો ઈશ્વિર માનતા હતા તે લોક દૃષ્ટનેજ પ્રમાણ માનતા હતા દૃષ્ટના શિવાય બધાને તે ખોટુ માનતા તેના બાદ બૌદ્ધ લોકો થયા. તે અનુમાનાદિને પણ પ્રમાણ માનવા લાગ્યા પણ વેદને તે અપ્રમાણ તથા ખોટુ માનતા હતા. તેના મતમા વિજ્ઞાનના શિવાય બધુ ઈશ્વિર, શાસ્ત્ર, ઉપદેશ, ઉપદેષ્ટા, આદિ પ્રપચ્ચ ખોટુ ગણાતુ. તેના બાદ શ્રીમાન્ શકરાચાર્ય થયા તેણે પણ વેદની આડ લઈને રૂપાન્તરથી બૌદ્ધમતનુજ સ્થાપન કીધું એમ તેમના ગ્રન્થ જોવાથી ખબર પડે છે. તેણે વિજ્ઞાનનુ 'વિ' ઉઠાવીને જ્ઞાનનેજ આત્મા વા પરમાત્મા માન્યુ તેના મતમા જ્ઞાનના શિવાય બધું ખોટુ માને છે. શ્રીકૃષ્ણ, રામ, નૃસિંહ આદિને તે પરમાત્મા માનતા નથી અથવા તો સાચા માનતા નથી. વેદ પણ તેના મતમા વ્યવહારમા જ પ્રમાણ તરીકે ગણી શકાય. અર્થાત્ વેદશાસ્ત્રાદિ પણ તેના મતમા વાસ્તવ રીતે ખોટા જ છે. તે હેતુથી કહેવું પડશે કે તેમણે પણ રૂપાન્તરથી બૌદ્ધમતનુ જ સ્થાપન કર્યું. વેદ અથવા શાસ્ત્રમા કોઈ ઠેકાણે પણ શ્રીકૃષ્ણ આદિ અવતારોને અથવા શાસ્ત્રાદિ પ્રપચને ખોટા માન્યાં નથી. છતા

પણ શાંકરમતવાલાઓએ જ્ઞાનના શિવાય બધી વસ્તુઓને ખોટી માનેલી છે તેના બાદ કેટલાક ભગવદ્ભક્ત આચાર્યો થયા, જેણે ઈશ્વર વેદશાસ્ત્ર, ઉપાસના, કર્મ, પ્રતિમા, આદિ જગતનુ સત્યત્વ, વેદનો યથાર્થ આશય બતાવીને પ્રતિપાદન કર્યું. તેમના મતમા શ્રીહરિની ભક્તિ કરવી તેજ પ્રધાન કર્તવ્ય છે. યદ્યપિ તેમણે જગત્સત્યત્વ અને શ્રીહરિભક્તિ મહાત્મ્યનુ સ્થાપન વેદશાસ્ત્રોના વચનોથી સિદ્ધ કર્યુ, છતા તેમના પણ કાર્યમા દ્વૈતરૂપ ખામી રહી જ ગઈ તેમના પછી અગ્નિસ્વરૂપ શ્રીમદ્વલ્લભાચાર્યનુ પ્રાગટ્ય થયુ તેમણે શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગ સ્થાપન કરીને શ્રીકૃષ્ણમા નિર્ગુણ નિર્હેતુક ભક્તિ કરવી એ જીવનો ધર્મ છે અને તેજ વેદાદિ શાસ્ત્રોથી સિદ્ધ થાય છે એ વાત સિદ્ધ કરી વિશેષ કરીને શ્રીકૃષ્ણનુ સ્વરૂપ શુ છે તે વાત વેદાદિ શાસ્ત્રોથી સ્પષ્ટકરી બતાવવી એ માન શ્રીમદ્વલ્લભાચાર્યને જ ઘટિત છે શ્રીમદ્વલ્લભાચાર્યના માન્ય સિદ્ધાન્તમા શ્રીકૃષ્ણને સર્વોત્કૃષ્ટ ને પરમકાષ્ઠાપન્ન માનેલા છે અને તેમના વચનામૃતરૂપ ગીતાશાસ્ત્રને ઉત્તમોત્તમ શાસ્ત્ર માનેલુ છે. તે વાત શાકરમતાવલમ્બી સ્વીકાર કરતા નથી, તે લોક શ્રીકૃષ્ણને માયિક અને તેમના ઉપદેશને બાધિતાનુવૃત્તિથી અજ્ઞાનકાર્ય માને છે. આજકાલ પણ કેટલાક કાલાક્ષરિક પડિતો મધુસૂદની અને શાકરભાષ્યનો ડોલ ઘાલીને શ્રીમદ્વલ્લભાચાર્યના મતાવલમ્બી વૈષ્ણવોને અન્ય અવલેમાર્ગે દોરાવવા લાગ્યા છે. વૈષ્ણવ વર્ગ વિશેષ શાસ્ત્રવિજ્ઞ ન હોવાથી તેના મુખના મધુર વચનોમા ફસાઈને પોતાના મુખ્યધર્મથી વિચ્યુત થતા જાય છે કેટલાક દિવસથી 'અસમાન ન્યાયથી' અમે તે ઉપર ઉપેક્ષામાત્ર કરી પણ જ્યારે તેમના મુખથી સ્પષ્ટરીતે શ્રીમદ્વલ્લભાચાર્યના મતઉપર ટીકા થઈ ત્યારે અમને એટલુ લખવું પડયુ છે અને આગલપણ સમય આવતા લખવાનુ છે. યદ્યપિ અમને પરમતના

વિવેચનનું વિશેષકાર્ય નથી તોપણ અમારા મુગ્ધ ભાઈઓ ભુલાઈ ન જાય માટે ઉભય ધર્મનુ યથાર્થ સ્વરૂપ બતાવવું જોઇયે. યદ્યપિ શ્રીમદ્વલ્લભાચાર્યની અથવા તેમના પુત્રની કરેલી ગીતાની ટીકા મલતી નથી તથાપિ તેમના અને તે શ્રીના પુત્રના અન્ય ગ્રન્થોથી શ્રીમદ્ભગવદ્ગીતાનુ શુ તાત્પર્ય છે તે જાણી શકાય છે.

ગીતાનુ તાત્પર્ય શુ છે તે વિષય ઊપર શ્રીવિઠલનાથ-દીક્ષિતજીનો કરેલ 'ગીતાતાત્પર્ય' નામનો ગ્રન્થ અમે વૈષ્ણવ સમાજના માટે મુદ્રિત કરાવેલ છે

ગીતાના તાત્પર્યના વિષયમા શ્રીશંકરાચાર્યનુ મત નીચે પ્રમાણે છે.

स एव च स्वप्रयोजनाभावेऽपि भूतानुजिघृक्षया वैदिकं हि धर्मद्वयमर्जुनाय शोकमोहमहोदधौ निमग्नायोपदिदेश । तस्याऽस्य गीताशास्त्रस्य संक्षेपतः प्रयोजनं परं निश्रेयसम् । तच्च हेतुकस्य संसारस्यात्यन्तोपरमलक्षणम् ।

અર્થાત્—માયા (અજ્ઞાનનો ભેદ) વડે દેહવાલા દેખાતા તે અંશરૂપ ભગવાન્ વાસુદેવેજ પોતાને સ્વાર્થ નહીં છતા પણ ભૂતોના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી શોકમોહસમુદ્રમા ગોતા ખાતા અર્જુનને પ્રવૃત્તિનિવૃત્તિરૂપ ધર્મનો ઉપદેશ કર્યો. તે ધર્મનો ઉપદેશ જેમા છે એવા આ ગીતાશાસ્ત્રનુ મુખ્ય પ્રયોજન અવિદ્યા અથવા માયાસહિત સંસારનો ઉપરામ થવો છે. અર્થાત્ સ્વયબ્રહ્મરૂપ જીવને, અવિદ્યાના હેતુથી હુ અલ્પજ્ઞ છુ, જીવ છું દેહવાલો છુ, બ્રહ્મ મહારાથી જુદુ છે, હુ બ્રહ્મ નથી, શ્રીકૃષ્ણ ઉપદેષ્ટા છે. હું ઉપદેશ્ય છુ, ઇત્યાદિ અજ્ઞાનવાચ્ય જે સસાર લાગ્યો છે તે જ્યારે દૂર થાય અને હુજ બ્રહ્મ છુ, મહારા

શિવાય બીજુ બ્રહ્મ નથી, એમ જ્યારે ભાવ થાય ત્યારે તેને નિઃશ્રેયસ કિંવા મુક્તિ કહે છે અને તે થવુ તેજ ગીતાશાસ્ત્રનું પ્રયોજન છે

ઉપર કહેલુ પ્રયોજન કોઈપણ ગીતાના શ્લોકથી નિકલતું નથી. છતા પણ શકરાચાર્યએ કોણજાણે ક્યાથી કાઢી લીધુ છે મધુસૂદન સરસ્વતી પણ ગીતાનુ પ્રયોજન શોક, મોહ અને ભેદને દૂર કરવાનુ બતાવે છે તે પણ ભગવદ્ગીતામાથી નિકલતું નથી યદ્યપિ ગીતામાં સાખ્યયોગ અને જ્ઞાનનુ નિરૂપણ છે, પણ તે માત્ર ગૌણરીત્યા. ગીતાનુ મુખ્ય તાત્પર્ય શરણભક્તિનુ છે તે ઉપક્રમ અને ઉપસહારથી સ્પષ્ટ થાય છે તે શરણભક્તિનો અધિકાર સપાદન કરાવવા માટે જ્ઞાનાદિનુ નિરૂપણ છે અને તેથીજ અતમા શ્રીકૃષ્ણે અર્જુનને 'સર્વધર્મ ત્યાગપૂર્વક શરણે આવવાનુ કહ્યુ છે' વલી શકરાચાર્યે 'સર્વધર્માન્પરિત્યજ્ય' આ શ્લોકનો વિચિત્ર અર્થ કર્યો છે અને તે હસવા જેવો છે કારણ કે તેમા તેમનુ એ તાત્પર્ય છે કે હે અર્જુન! તું સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને અર્થાત સન્યાસ લઈને હુ બ્રહ્મ છુ એમ ભાવના કર ઇત્યાદિ મધુસૂદન સરસ્વતી તો ગીતાનુ તાત્પર્ય સ્પષ્ટ દેખાતુ શરણ ગમનનેજ કહે છે મધુસૂદન સરસ્વતી પોતે '**ભાષ્યકૃતસ્તુ** ઇત્યાદિ શબ્દોથી શકરાચાર્યની મશ્કરી ઉડાવે છે કારણ કે શ્લોકમાના અક્ષરોમાથી શકરાચાર્યોક્ત અર્થ નિકલતો નથી શ્રીધરસ્વામી પણ ગીતાનુ તાત્પર્ય શરણમા બતાવે છે

તેથી વૈષ્ણવ વર્ગને જાણવુ જોઇયે કે જે લોક શકરાચાર્યની આડ લઈને ગીતાનો અર્થ કરે છે તે કોઈ વૈષ્ણવાચાર્યોને સમત નથી અથવા તો તે ગીતાના અક્ષરોમાથી નિકલતો નથી વિશેષ વિવેચન કાર્ય આવતા આગલ કરવામા આવશે —**ઇતિશ્રી:**

અનુવાદકર્ત્તા.

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

। श्रीविठ्ठलेशप्रभुविरचितं ।

श्रीमद्भगवद्गीतातात्पर्यम् ।

श्रीप्रभुचरण, शिष्टाचारपरिपालनार्थ ग्रन्थनी आदिमा गुरुप्रणामरूप मगल करे छे.

पितृपादाब्जयुगलं प्रणमामि कृपामधु ।
यत्कुलं गोकुलेशेन स्वीकृतं कृपया स्वतः ॥ १ ॥

અર્થ. -જેના કુટુમ્બને શ્રીગોકુલપતિએ સ્વેચ્છાથી કૃપા કરીને સ્વીકાર કર્યુ છે. અનુગ્રહ મકરન્દયુક્ત તે શ્રીમદ્વલ્લભાચાર્યના ચરણકમલને હુ પ્રણમુ છુ ॥ ૧ ॥

प्रतिज्ञा.

अतस्तद्वदनांभोजच्युतगीतामृताम्बुधिम् ।
आविर्भावे हेतुमीशानुग्रहाद्विमृशाम्यहम् ॥ २ ॥

અર્થ—માટે આવિર્ભાવ થવામા કારણ એવા શ્રીહરિના મુખારવિન્દથી પ્રકટ થયેલ શ્રીગીતારૂપ અમૃતસાગરમા, પ્રભુના અનુગ્રહથી હુ અવગાહન કરૂ છું અર્થાત્ શ્રીમદ્ભગવદ્ગીતાના તાત્પર્યનુ સક્ષેપથી નિરૂપણ કરૂ છુ. ॥ ૨ ॥

पूर्वपक्षः

स्वयं स्वतत्वं हि हरिः पार्थायोपदिशत्यदः ।
तदादौ धृतराष्ट्रस्याऽभक्तस्य वचसा न हि ॥ ३ ॥
उपक्रमो युक्ततरस्तत्पुत्रस्याऽपि वा कथा ।
पार्थस्यापि विषादोऽयमतद्रूपत्वतस्तथा ॥ ४ ॥
उपदेशे हेतुतया स उक्त इति चेन्न हि ।
विक्षेपात्मत्वतः शान्त्याद्यरूपत्वादपि स्फुटम् ॥ ५ ॥
अत्राधिकाराभावस्य ज्ञापकत्वाच्च लौकिकी ।
कथा युक्ता तथाभूता न तु विद्योपदेशनम् ॥ ६ ॥

अपरं च.

ब्रह्मविद्याश्रवणतः सर्वत्यागो विरागतः ।
युक्तः स्यान्न तु गुर्वादिहननं राज्यभोगिता ॥ ७ ॥
एवं पूर्वोत्तरकथाविरुद्धमिव भाति हि ।
उपदेशनमीशे तु न तथा संभवत्यपि ॥ ८ ॥
अतः संदंशपतिता विचारकमतिर्वत ।

પૂર્વપક્ષ.

અર્થ—શ્રીપ્રભુચરણ વિઠ્ઠલેશ પ્રભુ, શ્રીભગવદ્ગીતા તાત્પર્યનુ નિરૂપણ કરવામાટે પ્રથમ પૂર્વપક્ષમા કહે છે, કે જ્યારે શ્રીહરિ સ્વય, પોતાનુ તત્ત્વ, ગીતાર્થરૂપે અર્જુનને ઉપદેશે છે. તો તેની આદિમા અભક્ત અને ભક્તોના દ્વેષી ધૃતરાષ્ટ્રની વાણીથી ઉપક્રમ કરવો યુક્ત ન હતો તેમજ તેના જેવા જ

---

૧ આ સ્થલમા મિ મગનલાલ શાસ્ત્રી એમ એ 'सदर्श' એવો પાઠ ફેરવે છે તે ચિન્ત્ય છે भगवच्छास्त्रनिष्णात !!! महाशय !!! नमस्कार.

તેના પુત્રોની કથા પણ પ્રથમ કહેવી યુક્ત ન હતી અને ક્ષત્રિય હોવાથી અર્જુનનુ પણ આવી રીતે ગભરાવું અનનુરૂપ હોવાથી વર્ણવવુ ન જોઇએ કદાચિત્ ઉપદેશ કરવામા પ્રથમ અર્જુનનો વિષાદ પણ હેતુરૂપમા યુક્ત છે એમ જો કહેતા હો તો-પણ યુક્ત નથી કારણ કે વિષાદ કરવાથી અર્જુનને ઉપદેશ-શ્રવણમા વિક્ષેપ થવાનો સભવ છે અને તે વિષાદ ઉપદેશ-શ્રવણમાં જોઇએ તેવી શાન્તિને અનઘટતો પણ છે અને આવા વિષાદી અર્જુનનો ઉપદેશ શ્રવણ કરવામા અધિકાર પણ રહેતો નથી અને તે વિષાદ દૂર કરવાને માટે ભગવાનને પણ તેના અનુરૂપ કોઇક લૌકિક કથાનુ કહેવુ યુક્ત હતું વિદ્યાનો ઉપદેશ કરવો યુક્ત ન હતો. બીજુ જેમ ઉપક્રમમા વિરોધ આવે છે તેમ ઉપસહારમા પણ વિરોધ રહેજ છે. કારણ કે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ શ્રવણ કર્યા પછી અર્જુનને વૈરાગ્યથી રાજ્યાદિ સર્વ અનાત્મવસ્તુઓનુ પરિત્યાગ કરવુ યુક્ત હતુ કિન્તુ પોતાના ગુરુ આદિ પૂજ્યવર્ગનુ હનન કરવુ, તથા રાજ્યભોગ કરવુ અત્યંત અયુક્ત હતું આવી રીતે ગીતાનો ઉપસહાર અને ઉપક્રમની કથા બન્ને વિરુદ્ધ જેવા ભાસે છે. અને ધર્મસસ્થાપક શ્રીહરિને પણ પૂજ્યોને મારવાનો ઉપદેશ કરવો ઘટતો નથી. માટે આવી રીતે પૂર્વાપરનો વિચાર કરતા વિચારકની બુદ્ધિ તમ્મ આડસીના વચમા આવી જાય છે

उत्तरपक्ष.

एवं सति वदामस्त्वां तात्पर्यं कृपया हरेः ॥ ९ ॥

भक्तिमार्गरीतिर्हि अलौकिकी, न साधारण-रीत्या निर्णयः कर्तुं शक्यः । पार्थो हि भक्ति-मार्गेऽङ्गीकृताः स्वीयत्वेन । 'पार्थास्तु देवो

भगवान्मु ,दो " हांतवा'नित्यत " व विदु-
रवाक्य- । एवं सति 'भ्राताऽपि भ्रातरं
हन्या'दिति न्यायेन लोकवद्रिपून्मारयित्वा
राज्यं कुर्युस्तदा राज्ये भगवत्संबंधाभावात्त-
द्भोगे भगवदीयत्वं न भवेत् । एवं सति पा-
र्थस्य स्वतस्ततो निवृत्त्युक्त्या लौकिकरीत्य-
भाव उक्तो भवति । 'क्षत्रियाणामयं धर्म'
इतिवचनात् शूराणां तेषां युद्धोपस्थितौ वी-
ररस एवोत्पद्यते वस्तुस्वभावात्, न तु वैरा-
ग्यं पार्थे च तदुत्पत्तौ भगवदीयत्वमेव हेतुः ।
अन्यथा तु तुल्ययोगक्षेमत्वाद्धार्तराष्ट्रेष्वपि
तदुत्पत्तिःस्यात् । एतज्ज्ञापनायैवाऽऽदौ धृत-
राष्ट्रतत्पुत्रकथोक्ता, तया तदुत्साह उक्तो
भवति । भगवदीयस्य तु भगवत्कार्योन्मुख्येव
मतिरुचिता तद्विरुद्धा कुमतिरेव । अन्यथा
धर्मशास्त्रादिषु गुर्वादिहननस्य निषिद्धत्वात्त-
तोनिवर्तिका मतिर्मतित्वेन नोच्येत । तदुक्तं
भीष्मेण 'व्यवहितपृतनामुखं निरीक्ष्य
स्वजनवधाद्विमुखस्य दोषबुद्ध्या । कुम-
ति[illegible]दात्मविद्यया य' इति । एतेन भ-
क्तिमार्गीयमर्यादा लोकवेदातीता । अतस्ता-
वादाय भक्तिमार्गो न विचारयितुं युक्तस्तद-
तीतत्वादिति ज्ञापितं भवति । अतएव ब्रह्म-
विद्योपदेशा-पदमेवाऽऽसुरहनने प्रवृत्तिर-

भूत्। एतेन 'एत॰ (श्र)वणानन्तरं सर्वत्याग उचितो न तु गुर्वादिहनन' मिति निरस्तं वेदितव्यः ।

અર્થ—આવી રીતે જ્યારે વિચારકને સદેહ થાય છે ત્યારે શ્રીપ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી, ભગવદનુગ્રહથી પ્રાપ્ત ગીતાના તાત્પર્યનુ નિરૂપણ કરે છે કે, ભગવાન્ શ્રીકૃષ્ણે અર્જુનાદિ કુન્તીના પુત્રોનો સ્વીયભાવથી ભક્તિમાર્ગમા અગીકાર કર્યો છે તેથી જ શ્રીમદ્ ભાગવતમા વિદુરજીનુ કથન છે કે '**ક્રીડારસિક શ્રીમુકુન્દભગવાને પાર્થોનું ગ્રહણ કર્યું છે.**' ભક્તિમાર્ગમાં પ્રભુએ અગીકાર કર્યો છે. માટે જો ક્ષત્રિયોમાં ભાઇને પણ ભાઇ મારે આ ન્યાયથી અર્જુનાદિક ભગવદીયો પણ ઇતર લોકોની પેઠે પોતાના દુશ્મનોને હણીને રાજ્યનો ઉપભોગ કરે, તો એવા રાજ્યમા ભગવત્સબધ ન હોવાથી તેઓના ભગવદીયત્વનો નિર્વાહ થાય નહીં એમ છતા પણ જ્યારે આવી રીતે અર્જુનનુ યુદ્ધથી વૈરાગ્ય વર્ણવેલુ છે, તેથી એમ માલુમ પડે છે કે અર્જુનને વૈરાગ્ય થવામા લૌકિકભાવ હેતુ નથી અર્થાત્ અર્જુનને બન્ધુહનનમા જે દયા આવી છે ત ભગવદીયપણાથીજ આવી છે એમ સમજવું કિન્તુ અન્યલૌકિક ભાવથી નહીં ક્ષત્રિયોના આ ધર્મ છે કે 'ભાઈ ભાઇને પણ હણે' ઇત્યાદિ વચનોથી એ સ્વત સિદ્ધ છે કે, શૂરાગ્રણી અર્જુનાદિકોને યુદ્ધ સમયમાં વીરરસનો જ પ્રાદુર્ભાવ થવો યુક્ત હતો વૈરાગ્ય થવું અયુક્ત હતું કારણ કે જે વસ્તુનો જેવો સ્વભાવ છે. તે તેનાથી કોઈ વખતે પણ જુદો થતો નથી. એમ છતા પણ અર્જુનને જે વૈરાગ્ય થયુ તે માત્ર ભગવદીય હોવાથી જ થયું જો લૌકિક ભાવથી જ અર્જુનને વૈરાગ્ય થયુ હોત તો જેમ પાર્થના દુર્યોધનાદિ બંધુ છે તેમજ તેમના અર્જુનાદિ પણ બંધુ છે. માટે સમાન હોવાથી તેમના હૃદયમાં પણ વૈરાગ્ય થયું હત.

પરન્તુ એમ નહીં હોવાથી સિદ્ધ થાય છે કે અર્જુનના ભગવદીય હોવાથી માત્ર તેને જ વૈરાગ્ય થયુ કિન્તુ દુર્યોધનાદિને થયુ નહી અર્જુનનો તે અધિકાર જણાવવા માટે જ પ્રારભમા ધૃતરાષ્ટ્ર અને તેના પુત્રોની કથા ચર્ચાયેલી છે. એતાવદ્ ગ્રન્થથી ભક્તિમાર્ગમર્યાદા લોકાતીત છે એમ સૂચવ્યુ, હવે તે વેદથી પણ અતીત છે એમ બતાવવામાટે અર્જુનની પ્રવૃત્તિ ગુર્વાદિહનનમા કેમ થઈ તેનુ ઉત્તર આપે છે. **'परित्राणाय'** ઇત્યાદિ વચનોથી સ્પષ્ટ થાય છે કે ભગવાનનો પ્રાદુર્ભાવ અસુરસહારના માટે છે. અસુરોના સહાર કરવો તે ભગવાનનુ કાર્ય છે. તે ભગવત્કાર્યને અનુસરીને કાર્ય કરવુ, કિવા તદનુકૂલમતિ થવી તે ભગવદીયનો ધર્મ છે ભગવત્કાર્યથી વિરૂદ્ધ બુદ્ધિ થવી તે ભગવદીયને યુક્ત નથી, તે તેની કુમતિજ ગણાય. દુર્યોધનાદિક અસુર હોવાથી તેમને હણવા એ પ્રભુને અભીષ્ટ હતુ. પ્રભુના અભીષ્ટથી વિરુદ્ધ વૈરાગ્યબુદ્ધિ થઈ તે અર્જુનની કુમતિ હતી. તેને દૂર કરવાને સારૂજ શ્રીહરિએ અઢાર અધ્યાયદ્વારા પોતાનું તત્વ ઉપદેશ્યું અને કુમતિ હરીને સુમતિ આપી. ભગવદિચ્છાના અનુકૂલ હોય તે સુમતિ, અને તેથી વિરુદ્ધ હોય તે કુમતિ છે જો એમ ન હોય તો શ્રીમદ્ભાગવતાદિમાં ગુર્વાદિહનન નહી કરવાની ઇચ્છાને કુમતિ નહી કહેત મર્યાદામા વેદશાસ્ત્રોક્ત વિધિપ્રમાણે ચાલવુ તે ધર્મ છે અને ભક્તિમાર્ગમા ભગવદિચ્છાના અનુકૂલ ચાલવુ તે ધર્મ છે. યદ્યપિ ગુરૂઆદિને મારવુ તે ધર્મશાસ્ત્રાદિકમા નિષિદ્ધ છે અને તે અધર્મ પણ છે તથાપિ તે સમયે તેવી ભગવાન્‌ની ઇચ્છા ન હતી માટે અર્જુનને અસુરહનનમા જે વૈરાગ્ય થયુ તે પ્રભુઇચ્છાથી વિરૂદ્ધ હોવાથી કુમતિ જ કહેવાય. તેને ભગવાને હણી, તે વાત શ્રીમદ્ભાગવતમા હરિભક્ત ભીષ્મે કહી છે કે, 'યુદ્ધ કરવાને સજ્જ વિરુદ્ધ પક્ષની સેનાને જોઇને, અને તેને

દુષ્ટ કર્મ જાણીને નિજ બંધુઓના મારવાથી વિમુખ થયેલા અર્જુનની તેવી કુમતિ જેણે હરણ કરી તે શ્રીકૃષ્ણ મ્હારી ગતિ થાઓ' તેથી એમ પણ સ્પષ્ટ થાય છે કે ભક્તિમાર્ગની મર્યાદા વેદથી પણ અતીત છે. માટે લોક અને વેદને અનુસરીને ભક્તિમાર્ગનો વિચાર કરવો યુક્ત નથી કારણ કે તે લોક વેદથી અતીત છે અને તેથી જ બ્રહ્મવિદ્યોપદેશના અનંતર જ અર્જુનની પ્રવૃત્તિ આસુરહનનમા થઈ તેથી જે લોકો એમ શકા કરે છે કે બ્રહ્મવિદ્યા શ્રવણાનતર અર્જુનને સર્વ ત્યાગ ઘટતું હતું કિન્તુ ગુરુ આદિનુ હનન કરવું યુક્ત ન હતું' તે પણ અનભિજ્ઞતામાત્ર છે.

वस्तुतस्तु सर्वत्यागोप्ययमेव, लोकवेदत्यागपूर्वकं भगवत एवग्रहणं यतः। अतएव 'कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा' इत्यादिना भगवता पृष्टः पार्थो 'नष्टो मोह' इत्युपक्रम्य 'करिष्ये वचनं तवे' त्युक्तरितवान्। तेन केवलभगवदीयत्वं फलितं भवति। राज्यादेरत्यागस्तु स्वमुक्तिप्रतिबंधकत्वज्ञानेनेति तत्र प्रभुसंबंधोऽस्तीति न तुच्छतरः। ननु' भगवदिच्छाऽननुरूपा मतिर्भक्ते कथमभूदितिचेदित्थम्। वस्तुतो भगवदीयत्वेऽपि तदधीनोऽहं युद्धादिकं करिष्ये इति न [illegible]नमासोत्। भगवता तदज्ञापना[illegible]। किन्तु क्षात्रधर्मत्वेन। तथा तत्कृतिर्भक्तस्य नोचिता। तदीयत्वविरुद्धत्वात्। अत [illegible]तः [illegible]ऽनुभावेन तत्प्राकट्ये हेतुरभूत्। अ[illegible]नाय क्षुदुत्पादनवत् भग-

**त्वदिच्छया तथामतिः। एतेन प्रभुतत्वं तज्ज्ञा-
पितमेव भक्तस्यापि ज्ञापितं भवति न तु स्वतो
ज्ञापितं भवतीति दिक्। अपरंच, पुष्टिमर्गा-
ङ्गीकारे स्वतएव तत्स्फूर्तिः स्यादेव। पार्थास्तु
पुष्टिमर्यादायामङ्गीकृता इति पूर्वं तदुत्पत्ति-
रुपदेशेन च तन्निवृत्तिः।**

**इति श्रीपितृपादाब्जदासेन निजहृद्गता।
भक्तिमार्गस्य मर्यादा निरुक्ता विट्ठलेन वै॥**

इति श्रीविट्ठलदीक्षितकृत गीतातात्पर्यं समाप्तम्।

અર્થ—વાસ્તવમા તો લોકવેદ ત્યાગપૂર્વક શ્રીકૃષ્ણ મા-
ત્રનુ ગ્રહણ કરવું તેનુ જ નામ સર્વત્યાગ છે. તેથી જ **'હે અર્જુન!
મ્હારૂં કથન તેં એકાગ્ર ચિત્તથી ગ્રહણ કર્યું?'** એમ શ્રીકૃષ્ણના
પ્રશ્નના ઉત્તરમા પૃથાપુત્રે **'મ્હારો મોહ નષ્ટ થયો'** એમ પ્રાર-
ભીને **'હે શ્રીકૃષ્ણ! હવે હું આપનાં વચનોના અનુસારે કરીશ'**
એમ ઉત્તર આપ્યુ તેથી અર્જુન કેવલ ભગવદીય છે એમ
સિદ્ધ થાય છે. અત્રે 'ભગવદીય અર્જુનને રાજ્યમા આસક્તિ
કેમ થઈ અને તેણે રાજ્યનો પરિત્યાગ કેમ ન કર્યો' એમ પણ
શંકા ન કરવી જોઇયે, કારણકે જો કદાચિત્ રાજ્યમા પ્રભુનો
સંબધ ન હોત તો તેવું રાજ્ય મુક્તિમા પ્રતિબંધક હોવાથી તેનો
પરિત્યાગ કર્તવ્ય હતો કિન્તુ અર્જુનના રાજ્યમાં પ્રભુનો સંબધ
છે માટે અર્જુને તેનો ત્યાગ નહીં કર્યો. અત્ર એવો પણ પ્રશ્ન
થાય છે કે ભગવદીય અર્જુનને 'યુદ્ધ નહીં કરવું' એવી ભગવ-
દિચ્છાથી વિરૂદ્ધ બુદ્ધિ, કેમ થઈ. તેનું ઉત્તર એમ સમજવાનું
છે કે, ભગવાન્ સર્વના પ્રેરક છે. ભગવાન્ જ સર્વને જ્ઞાન કરા-

વનારા છે. જ્યાંસુધી પ્રભુ ઇચ્છા ન કરે ત્યાસુધી કોઇ વિષયનું પણુ જ્ઞાન જીવને ન થઈ શકે. તેથી યદ્યપિ અર્જુન ભગવદીય હતો તથાપિ પ્રભુને અધીન રહીને હું યુદ્ધાદિ કાર્ય કરીશ એમ જ્ઞાન ન હતું. કિન્તુ હું ક્ષત્રિય છું માટે યુદ્ધ કરીશ એમ જ્ઞાન હતુ ધર્મીને આધીન રહીને નહીં કિન્તુ ધર્મને આધીન થઇને યુદ્ધ કરવું ભક્તને ઉચિત નથી. કારણુ કે તે ભગવદીયપણાથી વિરૂદ્ધ છે. માટે સર્વના હૃદયમાં સર્વદા રહેનાર શ્રીહરિના જ પ્રભાવથી વિરૂદ્ધમતિ પણ ભગવદિચ્છાથી જ થઈ. કારણ કે ભગવાનને તેમ કરીને જ જ્ઞાન આપવાનું હતુ જેમ અન્ન આપવાને માટે ક્ષુધાની ઉત્પત્તિ કરે છે. તેમજ નિજતત્વ આપવાને તેવી બુદ્ધિ અર્જુનને કીધી તેથી એમ જણાય છે કે ભગવદ્ભક્તને પણ પ્રભુ ઇચ્છા કરે તોજ પ્રભુતત્વ જાણવામા આવે છે. પોતાની મેળે તત્વજ્ઞાન થવું અશક્ય જ છે બીજુ પણ કારણ છે કે શુદ્ધ પુષ્ટીમાર્ગના માર્ગમા જો અગીકાર થયો હોય તો તેની સ્ફૂર્તિ સ્વતઃ પણ થઇ શકે છે પણ કુન્તીના પુત્રોનો તો ભગવાને પુષ્ટિમર્યાદામાં અંગીકાર કર્યો છે. માટે પહેલા અર્જુનને તેવી બુદ્ધિનો પ્રાદુર્ભાવ અને પછી ભગવદુપદેશથી તેની નિવૃત્તિ થઇ. આવી રીતે શ્રીમદ્વલ્લભાચાર્યના ચરણકમલના દાસ શ્રીવિઠ્ઠલનાથજીએ નિજ હૃદયસ્થિત ભક્તિમાર્ગની મર્યાદા પ્રકટ કરી.

इतिश्रीरमान थशास्त्रिए करेलो गीतातात्पर्यनो
गुर्जरानुवाद संपूर्ण ।

પુસ્તક મળવાનાં ઠેકાણાં—

ભટ્ટ શ્રી બલભદ્ર શર્મા.

કવિ કાવ્યરત્નાકર, શુદ્ધાદ્વૈત 'સિદ્ધાન્તકાર્યાલય બડામંદિર'—મુંબઈ

પં. રમાનાથશાસ્ત્રી.

ચતા મુરારજીમાલા અનતવાડી, ભૂલેશ્વર—મુંબઈ.

સોમેશ્વર શર્મા.

શ્રીમદ્‌બાલકૃષ્ણ પાઠશાલા મોટુંમંદિર—મુંબઈ.

શુદ્ધાદ્વૈતદર્શન.

આ પુસ્તક હિન્દી ભાષામાં રચાયેલું છે. એના કર્તા પં. રમાનાથશાસ્ત્રી છે. એમાં શ્રીમદ્વલ્લભાચાર્યનું શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનું જ્ઞાન સંક્ષેપથી આવી જાય છે, જેને શુદ્ધાદ્વૈત જ્ઞાનની અપેક્ષા હોય તેણે ઉપર લખેલાં ઠિકાણાંઓપર કાગલ લખવો.